**શ્રી એચ.કે.મેરીયા,કમિશ્નરશ્રી,કામદાર વળતર અધિનિયમ,**

**સુરત કોર્ટ નં.૨ સમક્ષ**

**વ.કો.ડિસ્ટ્રીબ્યુશન અરજી નં.૧૧૮/૨૦૨૫**

**આંક નં.૧૪**

| | |
|---|---|
| રજૂ તારીખ | ૧૭/૧૨/૨૦૨૫ |
| દાખલ તારીખ | ૧૭/૧૨/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૨ દિન ૨૩ |

**અરજદાર–ગુજરનાર શ્યામકુમાર રામબલી સહનીના આશ્રિતો/વારસદારો**

**(૧) મિતરદેવી રામબલી સહની,માતા,ઉ.આ.વ.૬૪,**

**(૨) રામવલી સહની,પિતા,ઉ.આ.વ.૬૭,**

**બંને રહે**–વોર્ડ નં.૯**,**ગુનાઇ બસ્તી**,**સમસ્તીપુર**,**

બિહાર–૮૪૮૧૨૨

**વિરુધ્ધ**

સામાવાળા– **(૧) વિઝન વેવ્સ**

ઠે.પ્લોટ નં.૨૪ થી ૨૯,રાજહંસ ફિલા,માંગરોળ,

લિંડિયાદ,સુરત–૩૯૪૧૧૦ ગુજરાત

**(૨) ફ્યુચર જનરલી ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ,**

ઠે.૨૦૫ થી ૨૦૮,બીજો માળ,ઔરમ,આસ્થા

કલીનીક સામે,વાસણા પેટ્રોલ પંપ પાસે,

મકરંદ દેસાઇ રોડ,વાસણા,વડોદરા–૩૯૦૦૦૭

ગુજરાત

**હાજર રહ્યા–** અરજદાર તર્ફે – વિ.વ.શ્રી.અમિત જે. શાહ

સામાવાળા નં.૧ તર્ફે– જાતે

સામાવાળા નં.૨ તર્ફે– કોઇ હાજર નથી.

**– હુકમ –**

**(૧)** આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે**,**આ કામના અરજદારે સામાવાળા તરફથી વર્કમેન કોમ્પનસેશન એકટ અન્વયે

ગુજરનાર શ્યામકુમાર રામબલી સહનીના અકસ્માત મૃત્યુ વળતરની રકમ ૩.૧૪,૧૬,૨૦૦/– (અંકે રુપિયા ચૌદ લાખ સોળ હજાર બસો પુરા) જમા કરાવેલ છે,તે અરજદારોને વહેંચણી કરી ચુકવી આપવા માટે હાલની આંક–૧ ની અરજી કરેલ છે.આ અરજીમાં અરજદારો ગુજરનારના માતા તથા પિતા તેઓના આશ્રિત/વારસદાર હોવાનું જણાવેલ છે.

(૨) અરજદારો તરફે આંક–૧૧ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| આંક/માર્ક | વિગત |
|---|---|
| ૧૧/૦૧ | અરજદારોને નામદાર કોર્ટ દ્વારા નોટીસ કાઢવામાં આવેલ અસલ |
| ૧૧/૦૨ | અરજદાર નં.૧ ના આધારકાર્ડ ખરી નકલ |
| ૧૧/૦૩ | અરજદાર નં.૨ ના આધારકાર્ડની ખરી નકલ |
| ૧૧/૦૪ | અરજદાર નં.૨ ના પાનકાર્ડની ખરી નકલ |
| ૧૧/૦૫ | અરજદારના રેશનકાર્ડની ખરી નકલ |
| ૧૧/૦૬ | અરજદાર નં.૧ ના રેસીડન્સ સર્ટીફીકેટની ખરી નકલ |
| ૧૧/૦૭ | અરજદાર નં.૨ ના રેસીડન્સ સર્ટીફીકેટની ખરી નકલ |
| ૧૧/૦૮ | અરજદારોના ઘરનું લાઇટબીલ અસલ |
| ૧૧/૦૯ | મર્હુમ શ્યામકુમારના જન્મ તારીખનું પ્રમાણપત્ર અસલ |
| ૧૧/૧૦ | મર્હુમ શ્યામકુમારના જન્મ તારીખનું શાળાનું પ્રમાણપત્ર |
| ૧૧/૧૧ | મર્હુમ શ્યામકુમારનો મરણ દાખલો અસલ |
| ૧૧/૧૨ | અરજદારોના પેઢીનામાની (વંશાવલી) અસલ |
| ૧૧/૧૩ | અરજદારોની ઓળખ દર્શાવતા ફોટા તથા સહી અંગુઠાનું લીસ્ટ |

(૩) ગુજરનારના વારસોને નોટીસ બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૭ થી વકીલપત્ર રજૂ કરેલ છે તથા આંક–૧૦ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ ભરીને નામદાર કોર્ટમાં રજૂ કરેલ જે મુજબ મરણ જનાર શ્યામકુમાર રામબલી સહનીના આશ્રિતોમાં અરજદારોમાં તેમના માતા તથા પિતાને અને ભાઇ–બહેનો દર્શાવેલ છે તથા આ કામના સામાવાળાઓને અત્રેની કોર્ટ દ્વારા નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ જે અંગેની પોસ્ટ ઓફીસની સફેદ પાવતીઓ આંક–૪ અને આંક–૫ થી કામમાં સામેલ છે પરંતુ સદર

કામે સામાવાળાઓ તર્ફેથી કોઇ હાજર રહેલ નથી પરંતુ સદર કામે સામાવાળા નં.૧ તર્ફેથી નામ.કમિશ્નર સાહેબ સમક્ષ આંક–૧ થી પૈસા જમા કરાવવા સારૂ નામદાર કોર્ટમાં ચેક રજૂ કરેલ છે અને સદર અરજી અન્વયે મરનારના વારસદારોનું વળતરની રકમ આપવામાં આવે તો તેમને વાંધો નથી તેવી હકીકત જણાવેલ છે.ત્યારબાદ અરજદારો તર્ફે અનુક્રમ આંક–૧૨ થી સોગંદનામુ રજૂ કરેલ છે અને આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે.

(૪) આ કામે સંબધીત જોગવાઈઓ જરૂર પુરતી ધ્યાને લઈએ તો....

8. Distribution of compensation.— (4) On the deposit of any money under sub-section (1), 1 [as compensation in respect of a deceased workman] the Commissioner 2 [***] shall, if he thinks necessary, cause notice to be published or to be served on each dependant in such manner as he thinks fit, calling upon the dependants to appear before him on such date as he may fix for determining the distribution of the compensation. If the Commissioner is satisfied after any inquiry which he may deem necessary, that no dependant exists, he shall repay the balance of the money to the employer by whom it was paid. The Commissioner shall, on application by the employer, furnish a statement showing in detail all disbursements made.

(૫) ઉપરોકત જોગવાઈઓ તથા હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લેતા હાલના કામે અરજદાર તર્ફે એવુ કથન કરેલ છે કે, તેઓનો મર્હુમ પુત્ર સામાવાળાને ત્યાં સંસ્થામાં કામ કરતા હતા ત્યારે તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ અકસ્માત નડતા અવસાન થયેલ.આમ તેઓના પુત્રનું મૃત્યુ નોકરીના સમયગાળા દરમિયાન તેઓની ફરજ બજાવતા થયેલ તેમજ ગુજરનાર અપરિણત અવસાન પામેલ હોવાની હકીકત આ કામે અરજદારોએ આંક–૧૨ થી એફીડેવીટમાં રજૂ કરેલ છે.તેઓના પુત્રનું મૃત્યુ નોકરીના સમયગાળા

દરમ્યાન તેઓની ફરજ બજાવતા થયેલ આથી કામદાર વળતરધારા મુજબના નાણાં રૂ.૧૪,૧૬,૨૦૦/– કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર સાહેબ સમક્ષ જમા કરાવવામાં આવેલ જે અંગે અરજદારોને કોઇ તકરાર નથી. અરજદારો સદર કામમાં જુદા લીસ્ટથી ઓળખાણ અંગેના અને રહેઠાણ અંગેના તથા ઉંમર અંગેના પુરાવો રજૂ કરેલ છે જે અંગે સામાવાળાને કોઇ તકરાર નથી.અરજદારો સદર કામમાં જુદા લીસ્ટથી ઓળખાણ અંગેના અને રહેઠાણ અંગેના તથા ઉંમર અંગેના પુરાવા આંક–૧૧ થી રજૂ રાખેલ છે. ઉપરાંત અરજદારોના ઓળખના દસ્તાવેજો રજૂ કરેલ છે.તેવા સંજોગોમાં ગુજરનારના આશ્રિતોમાં જણાવેલ પૈકી બીજા કોઇ આશ્રિતો નથી.સદર કામે અરજદારોની આંક–૧૨ થી સોગંદ પર જુબાની રજૂ થતા સામાવાળાઓ તરફે તેની કોઇ ઊલટતપાસ કરેલ નથી.

(૬) **Section-2 (d) "dependant"** means any of the following relatives of deceased *[employee], namely:--

(i) a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

(ii) if wholly dependant on the earnings of the *[employee] at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

(iii) if wholly or in part dependant on the earnings of the *[employee] at the time of his death,--

(a) a widower,

(b) a parent other than a widowed mother,

(c) a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,

(d) a minor brother or an unmarried sister or a widowed sister if a minor,

(e) a widowed daughter-in-law,

(f) a minor child of a pre-deceased son,

(g) a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or

(h) a paternal grandparent if no parent of the *[employee] is alive;

આ કામે ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં અને તેમા આશ્રિતો કોને ગણી શકાય તે લક્ષમાં લેતાં અને આ કામે અરજદારો તર્ફેથી રજૂ કરેલ નિ.૧૧/૧ થી નિ.૧૧/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અને તેમાં ખાસ કરીને અરજદાર તર્ફેથી રજૂ કરેલ પેઢીનામુ વંચાણે લેતાં આ કામે અરજદાર તર્ફેથી આંક–૧૦ થી જે ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ રજૂ કરેલ છે તે ન્યાયોચીત જણાય આવે છે.

(૭) સદરહું કામે રેકર્ડ ઉપર આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદાર નીચે મુજબની હકીકતો વ્યાજબી સમર્થન સાથે કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ છે તેમજ શ્યામકુમાર રામબલી સહનીનું તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સામાવાળાને ત્યાંની ફરજ દરમિયાન થયેલ અકસ્માતના કારણે મૃત્યુ થયેલ છે.શ્યામકુમાર રામબલી સહનીનું મૃત્યુ સામાવાળાની નોકરીની ફરજ દરમ્યાન થયેલ છે.જમા કરાવેલ વળતરની રકમ વ્યાજબી અને યોગ્ય છે.સામાવાળાને પણ મરણજનાર શ્યામકુમાર રામબલી સહનીના વારસો/આશ્રિતો વચ્ચે વળતરની રકમની વહેંચણી નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવે તો તેમને કોઈ જ પ્રકારનો વાંધો નથી.સદર કામે રજૂ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં,અરજદારો ગુજરનારના સીધી લીટીના વારસદાર હોવાનું તારણ થાય છે અને કર્મચારી વળતર અધિનિયમની હકીકતો ધ્યાને લેતાં ગુજરનારના માતા–પિતાની હકીકતો ધ્યાને લેતા ગુજરનારના માતા–પિતાનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થાય છે જયારે આ કામે અરજદાર તર્ફેથી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મમાં તેમના અન્ય જે સંતાનો દર્શાવેલ છે તે તમામ પુખ્તવયના છે અને તેમની જે પુત્રીઓ દર્શાવેલ છે તે તમામ પરણીત છે તેવા સંજોગોમાં ગુજરનારના માતા–પિતા જ આશ્રિતની વ્યાખ્યામાં આવતા હોય તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે.આમ,

ઉપરોકત તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતાં તેમજ અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો હોય સદર કામે જમા થયેલ રકમ તેઓને મળવાપાત્ર થતી હોય નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્રારા ફસ્ટ અપીલ નં.૩૮૩૦/૨૦૦૬ની દિ.પ.અ.નં.૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં.૩૮૪૦/૨૦૦૬ ની દિ.પ.અ.નં.૧૧૭૧૬/૨૦૦૬,ન્યુ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લી.વિરુધ્ધ નરસીંહ ડી.સોલંકીના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ગાઇડલાઇન્સ જેમાં નોંધેલ છે કે,Commissioner for Workmen Compensation shall order for deposit of at least 85% amount of compensation awarded (inclusive of penalty and interest) in long-term Fixed Deposits in any Nationalised Bank and as far as possible in State Bank of India with a provision that the claimant/s shall be entitled to a periodical monthly/quarterly interests on such Fixed Deposit ને ધ્યાને લેતાં સામાવાળા દ્રારા વળતર પેટે જમા કરવામાં આવેલ રકમ રૂ.૧૪,૧૬,૨૦૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ સોળ હજાર બસો પુરા) અરજદારોને ન્યાયના વિશાળ હિતમાં નીચે જણાવેલ વિગતે વહેંચણી કરવામાં આવેલ છે.

**- હુકમ -**

| ક્રમ નં. | નામ | ગુજરનાર સાથે સંબંધ | કેશ રૂ. | એફ.ડી.રૂ. | કુલ રૂ. | ગાળો |
|---|---|---|---|---|---|---|
| ૧ | મિતરદેવી રામબલી સહની | માતા | ૧,૦૮,૧૦૦/– | ૬,૦૦,૦૦૦/– | ૭,૦૮,૧૦૦/– | પાંચ વર્ષ |
| ૨ | રામવલી ગીરવાલ સહની | પિતા | ૧,૦૮,૧૦૦/– | ૬,૦૦,૦૦૦/– | ૭,૦૮,૧૦૦/– | પાંચ વર્ષ |
| **કુલ** | | | **૨,૧૬,૨૦૦/–** | **૧૨,૦૦,૦૦૦/–** | **૧૪,૧૬,૨૦૦/–** | |

**– શરતો –**

(૧) અરજદારોને રોકડમાં ચુકવવાની થતી ઉપરોકત કોલમમાં દર્શાવેલ રકમ બેન્કે જે તે અરજદારોને એકાઉન્ટ પે ચેકથી ઓળખાણ અંગેની ખરાઇ કર્યા બાદ ચુકવવી.

(૨) આ કામની હવે પછી થનાર એફ.ડી.ની રકમ કોઇ પણ **રાષ્ટ્રીયકૃત બેન્કમાં** એફ.ડી.કરવી.

(૩) બેન્ક ઓફ મહારાષ્ટ્ર,સુરત શાખા ખાતે રસીદ નં.**૪૬૦૫૪** ઉપર આજદીન સુધી જમા થયેલ વ્યાજની રકમ અરજદાર નં.૨ ને અલગથી બારોબાર ચુકવી આપવી.

(૪) બેન્કે હવે પછી થનાર એફ.ડી.ની રકમ ઉપર જમા થતું વ્યાજ અરજદારોને **ત્રિમાસિક** રીતે ચુકવવું.

(૫) બેન્કે અરજદારોને હવે પછી થનાર એફ.ડી.ની રકમ ઉપર ચુકવવાની થતી વ્યાજની રકમ,જે તે અરજદારોની તેઓ જણાવે તે બેન્ક એકાઉન્ટમાં ચુકવવી.

(૬) બેન્કે અત્રેની કોર્ટના હુકમ સિવાય આ કામની એફ.ડી.ઉપર અરજદારોને કોઇ લોન ધિરાણ કે અન્ય ઇત્તર વ્યવહાર કરવો નહી કે એફ.ડી.પ્રિમેચ્યોર રીલીઝ કરવી નહી.

(૭) બેન્કે આ કામની એફ.ડી.ની રકમ અરજદારો તથા એકસ ઓફિસીઓ કમિશ્નર ફોર ધી વ.કો.એકટના સંયુકત નામે કરવી.

(૮) બેન્કે આ કામની એફ.ડી.ની અસલ પાવતી તથા રોકડ ચુકવ્યા અંગેની જાણ દિન–૧૦ માં અત્રેની કોર્ટમાં રજૂ કરવી.

સદરહુ હુકમ આજરોજ તા. ૦૯ મી,માહે– માર્ચ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
કામદાર વળતર ધારા કમિશ્નરશ્રી
અને ન્યાયધીશ(સી.ડી)
મજૂર અદાલત,સુરત
Code No.GJ01279